ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૧૮ ટકા

## સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા શ્રધ્ધાંજલિ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

કોરોનાકાળની મહામારી દરમિયાન સિસિકાના દિવંગત થયેલા સભ્યોને શ્રધ્ધાંજલિ અર્પતો કાર્યક્રમ એપ્રિલ માસની માસિક બેઠક બાદ તા. ૩૦-૪-૨૨ના રોજ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ વાડી સે-૭ ખાતે યોજવામાં આવશે. જેમાં જાણીતા સ્વર અને સુરના ગાયક સુરેશ રત્નોત્તર તેઓના સહયોગી સાથીઓ સાથે શ્રધ્ધાંજલી ગીતોની રજુઆત કરશે. દિવંગત સભ્યોને ગીતો દ્વારા શ્રધ્ધાંજલિ આપવામાં આવશે. દિવંગત સભ્યોના પરિવારજનો પણ શ્રધ્ધાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

## સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા ૨૪મીએ રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

સંત નિરંકારી મિશનના ત્રીજા સતગુરુ નિરંકારી બાબા ગુરુબચનસિંહજી મહારાજની પુણ્યતિથિને માનવ એકતા દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં અને ભારત દેશના તમામ શહેરોમાં ઉજવવામાં આવે છે. આ નિમિત્તે સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન ગાંધીનગર બ્રાંચ તરફથી ૨૪મીએ સંત નિરંકારી ભવન, શાંતિવનસ ાેસાયટી નજીક, સે-૩૦ ખાતે સવારે ૯ થી ૧૨ કલાક સુધી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સ્વૈચ્છાએ રકતદાન કરવા ઈચ્છુક અનુયાયીઓ તથા ગાંધીનગરની જાહેર જનતાને ભાગ લેવા મિશનના ઝોનલ ઈન્ચાર્જ તરફથી જણાવવામાં આવ્યું છે. આ વિશે વધુ માહિતી માટે મો. ૯૫૩૬૭ ૦૩૪૮૭, ૮૩૦૬૨ ૪૪૯૯૯, ૯૯૭૯૧ ૪૯૭૭૯, ૯૮૯૮૦ ૧૨૬૯૨નો સંપર્ક કરી શકશે.




# શહેરના પુસ્તકાલયોમાં વાંચકોની સંખ્યામાં ઘટાડો : મોબાઈલ યુગમાં પુસ્તકોની ખરીદી ઘટી

### ૩ ફરતા પુસ્તકાલયની સુવિધા



ગાંધીનગર શહેર તથા તાલુકામાં ૩ ફરતા પુસ્તકાલયની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી. જે પૈકી બે ફરતા પુસ્તકાલય કાર્યરત છે અને એક ફરતું પુસ્તકાલય એક સપ્તાહથી કાર્યરત નથી. મધ્યસ્થ ગ્રંથાલય સે-૧૭ દ્વારા બે ફરતા પુસ્તકાલય મુકવામાં આવ્યા છે. જે પૈકી 'સંવર્ધિત પુસ્તકાલય'માં થોડો ચાર્જ વસુલવામાં આવતો હોય છે જયારે 'ફરતા પુસ્તકાલય' દ્વારા ફ્રી સેવા આપવામાં આવતી હોય છે જેનો સૌથી વધુ લાભ સિનિયર સિટિઝનો દ્વારા લેવામાં આવે છે.

### રાજય મધ્યસ્થ ગ્રંથાલયમાં ૧,૨૮,૫૬૬ પુસ્તકો



ગાંધીનગરમાં રાજય મધ્યસ્થ ગ્રંથાલય સે-૧૭ ખાતે ૧,૨૮,૫૬૬ પુસ્તકો ઉપલબ્ધ છે જેમાં વર્ષ દરમિયાન ૪૮,૭૩૧ નાગરિકો ગ્રંથાલયની મુલાકાત લે છે તથા કોપીરાઈટ વિભાગના પુસ્તકો ૭૧૪૧૮ જેટલા નોંધાયા છે.

### શહેરમાં ૭ સિનેમાઘરો જયારે પુસ્તકાલય માત્ર ૩

ગાંધીનગરમાં શિક્ષણનું સ્તર વધારે છે તેવામાં પુસ્તકાલયની સંખ્યા વધારે હોવાની જગ્યાએ સિનેમાઘર વધારે બની રહ્યા છે. શહેરમાં માત્ર ૩ જ પુસ્તકાલયો છે. સેન્ટ્રલ લાઈબ્રેરી, ડીસ્ટ્રીકટ લાયબ્રેરી અને સે-૩૦માં મનપા દ્વારા બનાવવામાં આવેલી લાયબ્રેરી.



ગાંધીનગર, તા.૨૨

૨૩ એપ્રિલ એ વિશ્વ પુસ્તક દિવસ તરીકે ગણવામાં આવે છે. આ દિવસે મહાન લેખક વિલિયમ શેકસપિયરનો જન્મ અને યોગાનુયોગ મરણ દિવસ પણ છે. તેથી દર વર્ષે ૨૩ એપ્રિલે વિશ્વ પુસ્તક દિવસ ઉજવવામાં આવે છે ત્યારે આપણા આ ગાંધીનગરમાં પુસ્તકાલયની વાત કરીએ તો માત્ર ૩ જ પુસ્તકાલય છે. ગાંધીનગરમાં શિક્ષણની ઘણી બધી સંસ્થાઓ છે તો આ શિક્ષણની નગરીમાં પુસ્તકાલયનો અભાવ શા માટે વર્તાઈ રહ્યો છે? પાટનગરમાં સાહિત્યકાર, કવિ, લેખકોની સંખ્યા પણ વધારે છે ત્યારે પુસ્તકાલયોની અછતને જોતા પ્રશ્ન ઉભા થઈ રહ્યા છે... શું નાગરિકો મોબાઈલમાંથી જ પુસ્તકો વાંચી રહ્યા છે? હા મોબાઈલે ઘણું બધું બદલી દીધું છે. એક નાનકડા મોબાઈલ ફોનમાં હજારો રૂલ્સનો સમાવેશ થઈ જાય છે અને તેમાંથી જોઈએ તેવા મનપસંદ પુસ્તકો વાંચવામાં આવી રહ્યા છે. ઘરે બેઠા જ નાગરિકો પોતાના ફોન કે લેપટોપમાંથી મનપસંદ પુસ્તકો વાંચતા થઈ ગયા છે તેથી પુસ્તકાલયનો ઉપયોગ ઘટી રહ્યો છે. જો કે સિનિયર સિટિઝનની વાત કરીએ તો તેમના માટે શહેરમાં સારી એવી સુવિધાઓ જોવા મળી રહી છે. જેમાં ફરતા પુસ્તકાલયની વ્યવસ્થા જે ખુબ ઉપયોગી થઈ રહ્યું છે. ગાંધીનગરમાં ફરતા પુસ્તકાલયની વાનાનો લાભ સિનિયર સિટીઝનો દ્વારા વધારે લેવામાં આવી રહ્યો છે.

વિશ્વ પુસ્તક દિન... આમ જોતા તો આપણા માટે રોજ પુસ્તક દિવસ હોવો જોઈએ કારણ કે જ્ઞાનપ્રાપ્તિનું સર્વશ્રેષ્ઠ સાધન જ પુસ્તક છે. પુસ્તક એ મનુષ્યનો પરમ શ્રેષ્ઠ અને ઉત્તમ મિત્ર છે. મિત્રોની જેમ પુસ્તકોનો માનવીના જીવન ઘડતર પર નિર્ણાયક પ્રભાવ પડે છે. એક આદર્શ મિત્રની જેમ એક ઉત્તમ પુસ્તક મનુષ્યને સુખ દુઃખમાં સાથ આપે છે. અભ્યાસ કરતાં કરતાં મનુષ્ય જીવનની સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. પુસ્તકોની મૈત્રી માનવના જીવન ઘડતરમાં મહત્વનો ભાગ ભજવે છે. સારા પુસ્તકો સાચા મિત્રોની ગરજ સારે છે.

વર્તમાન સમયમાં ટીવી, કોમ્પ્યુટર તેમજ ઈન્ટરનેટ માધ્યમોનો વપરાશ ખૂબ વધ્યો છે તેથી પુસ્તકોની ખરીદી ઘટી રહી છે પણ પુસ્તકની વિશ્વસનીયતા હજુ પણ અવ્વલ અને અકબંધ જ છે. પુસ્તકોની મૈત્રી જીવન ઘડતર પર નિર્ણાયક પ્રભાવ પાડે છે.

જે ઘરમાં સારા પાંચ પુસ્તકો ના હોય તે ઘરમાં દીકરી ના આપવી તેમ ગુણવંત શાહે કહ્યું છે. મહાકવિ કાલિદાસ અને વિલિયમ શેકસપિયર જેવા મહાન લેખકોએ સંસ્કૃતિ જીવતી રાખવા ખૂબ મોટું યોગદાન આપ્યું છે તેમના જ વંશજો (લેખકો) આજે જે કોઈ પણ લખી રહ્યા છે તેઓ આ યજ્ઞમાં આહુતિ આપી રહ્યા છે. આપણે સૌ મળીને આ યજ્ઞ સદીઓ સુધી જીવંત રહે તેવો પ્રયાસ કરીએ. વાંચીએ. આજના વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે વિશ્વના દરેક પુસ્તકોને આદર સાથે નમન.

## ગાંધીનગર ડિસ્ટ્રિકટની સબ-જુનિયર અને જુનિયર સ્વિમિંગ સ્પર્ધા ૨૦૨૨ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ડિસ્ટ્રિકટની સબ જુનિયર (૧૦ અને ૧૧ વર્ષના બાળકો માટેની) અને જુનિયર (૧૨ થી ૧૭ વર્ષના બાળકો માટેની) સ્વિમિંગ સ્પર્ધા ૨૦૨૨ તા. ૮મી મે રવિવારના રોજ સવારે ૧૦.૩૦ વાગ્યાથી સચિવાલય જીમખાના સ્વિમિંગ પુલ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ તા. ૫-૫-૨૦૨૨ પહેલાં ફોર્મ ભરી કે.જી. ભગત (મો.) ૯૪૨૭૩૧૭૪૬૧ અથવા દિક્ષિત સકસેના (મો.) ૯૪૨૮૦૮૯૩૪૬ને જમા કરાવવાના રહેશે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં તેવું એકવેટિક એસોસિએશન ગાંધીનગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

સબ જુનિયર અને જુનિયર ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૨૨ મે મહિનામાં છેલ્લા અઠવાડિયામાં સેવી સ્વરાજ સ્પોર્ટસ કલબ, જગતપુર રોડ, ગોતા, અમદાવાદ મુકામે યોજાનાર છે. સબજુનિયર અને જુનિયર ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ-૨૦૨૨ માટેની ગાંધીનગર ડિસ્ટ્રિકટના સ્વિમર્સની પસંદગી પણ આ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતિય વિજેતાઓમાંથી કરવામાં આવશે.

આ ઉપરાંત સ્પર્ધા અંગેની વધુ માહિતી માટે એસોસીએશનના સેક્રેટરી ગુરુબક્ષસીંગ આનંદ (મો.) ૯૭૨૪૧ ૭૮૩૫૬નો સંપર્ક સાધવા જણાવાયું છે.

## બીબીએ કૉલેજના એનએસએસ યુનીટ દ્વારા વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી





ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી કૉલેજ ઓફ બીજનેસ ઍડમીનીસ્ટ્રેશન(બીબીએ) દ્વારા વિશ્વ ધરતી દિવસની ઉજવણી કૉલેજ કેમ્પસ ખાતે કરવામાં આવી. જે કાર્યક્રમમાં પ્રકૃતીની જાળવણી માટે અનેકવીધ કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓને ધરતીમાતાનું મહત્વ ફક્ત પર્યાવરણ પુરતું નહિ પણ આર્થિક રીતે પણ છે તે બાબતનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. સાંપ્રત સમયમાં ગ્લોબલ વાર્મિંગ જેવી સમસ્યાઓ થી પર્યાવરણ પર માઠી અસર પડે છે તેમજ વાતાવરણ પ્રદુષિત થાય છે. ત્યારે બીબીએ કૉલેજ ગાંધીનગર ખાતે સામાજીક જવાબદારી બાબતે વિદ્યાર્થીઓ જાગૃત થાય તેમજ તેઓમાં પર્યાવરણની જાળવણી માટે જાગૃતિ આવે તેવા કાર્યક્રમ જે શૃંખલાનાં ભાગ રૂપે વિશ્વ ધરતી દિવસની ઉજવણી કૉલેજ દ્વારા કરવામાં આવી હતી. જેમાં બીબીએના વિદ્યાર્થી તેમજ સ્ટાફના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા પૃથ્વીનું ખનિજ તેમજ પેટ્રોલિયમ પદાર્થ માટે થતુ દોહન, પ્રદુષણથી થતું નુકશાન જેવી બાબતો સમજાવી હતી. જેમાં સોલર એનર્જીના ઉપયોગ અને તેના સામે ભવિષ્યમાં આવનાર પડકારો બાબતે વિદ્યાર્થીઓને સમજ આપી હતી તેમજ થોરિયમ એમ વૈકલ્પિક ઉર્જા નો સ્રોત હોઈ શકે જેનો મોટા પાયે સંગ્રહ ભારત પાસે છે તેના ઉપયોગ અને સાથે રહેલા અન્ય વિષયો પર પણ વિદ્યાર્થીઓ ને સમજ આપી હતી. ઉપાચાર્ય ડૉ.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓ ને આજનો સંદેશ દિવસ પુરતો માર્યાદિત નહિ પણ હર હંમેશ અમલીકરણ કરવા જણાવ્યું હતું. અને આજે પાંચ પ્રદૂષણ ફેલાવતી બાબતોને છોડીશું તેમજ પાંચ પ્રદૂષણ ન ફેલાવતી બાબતોને અપનાવીશું અને બીજા લોકો ને પણ આ બાબતે જાગૃત કરીશું. ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા પશ્ચિમ ના દેશો એ ફેલાવેલ પ્રદૂષણ અને બાબતે જણાવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજનાં આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના, ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ કૉલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યુ હતુ.

## 'વિશ્વ ધરતી દિવસ'ની નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ઉજવણી કરાઈ






ગાંધીનગર, તા.૨૨

વર્તમાન સમય અનેક વૈશ્વિક સમસ્યાઓથી ઘેરાયેલો છે. માનવી જેમ જેમ વિકાસની કેડીએ આગળ વધતો જાય છે તેમ તેમ પર્યાવરણીય સમસ્યાઓ ખતરો બનીને તેની સામે આવીને ઉભી છે. કુદરતના અનમોલ સર્જન સમી પૃથ્વી એક માત્ર જીવંત ગ્રહ છે તેના પર માનવીય હસ્તક્ષેપના કારણે હવા, પાણી અને જમીનનું પ્રદુષણ વધ્યુંછે. આ પ્રદુષણને કારણે ગ્રીનહાઉસ અસર, ગ્લોબલ વૉર્મિંગ અને કલાઈમેટ ચેન્જ અને વધતી જતી ગરમી જેવી પર્યાવરણીય સમસ્યાઓ ઉભી થઈ છે.

આ સમસ્યાઓ અંગે જાગૃતિ કેળવવા તથા આપણા પૃથ્વી ગ્રહની જાળવણી માટે સમગ્ર વિશ્વમાં ૨૨ એપ્રિલ ધરતી દિન તરીકે ઉજવાય છે. દર વર્ષે ધરતી દિવસની ઉજવણી ચોક્કસ વિષય આધારિત કરવામાં આવે છે. આ વર્ષનો વિષય **"Invest in our Planet."** છે. જેનો ભાવાનુવાદ "આપણી ધરતી માતાની માવજત માટે રૂડું રોકાણ કરીએ" તેવો થાય છે.

ગુજરાત કાઉન્સીલ સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વી.પી.એમ.પી પોલીટેકનીક કોલેજ ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મેહમાન તરીકે શ્રી જે.એમ.બારોટ(પૂર્વ.સભ્ય સચિવ, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર અને પૂર્વ નિયામક, ગુજરાત જલ સેવા તાલીમ સંસ્થા) ભરતભાઈ પ્રજાપતિ (સિનિયર વૈજ્ઞાનિક મદદનીશ, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર) પ્રોફેસર પાવન એમ.ભટ્ટ, (પ્રિન્સીપાલ, વી.પી.એમ.પી. પોલીટેકનીક, ગાંધીનગર), ડૉ.અનીલ પટેલ, (મેનેજિંગ ટ્રસ્ટી-નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર) ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વી.પી.એમ.પી કોલેજના ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૬૦ જેટલા અધ્યાપકો જોડાયા હતા.

## વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે ગુગલ ડુગલ પર બદલાતી કલાઈમેટીક સ્થિતિને મુકવામાં આવી

### ગ્રીનલેન્ડની ૨૦૦૦ થી ૨૦૨૦ સુધીના બદલાતા ગ્લેશિયર પણ મુકવામાં આવ્યા




ગાંધીનગર, તા.૨૨

વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે ગુગલ ઉપર આબોહવા પરિવર્તનની અલગ અલગ વાસ્તવિક છબીઓનો ઉપયોગ કરીને ડૂડલ મૂકવામાં આવ્યું હતું. ગુગલ અર્થ, ટાઈમલેપ્સ અને અન્ય સ્ત્રોતોમાંથી વાસ્તવિક સમયવિરામની છબીનો ઉપયોગ કરીને ડુડલ દ્વારા આપણા ગ્રહની આસપાસના ચાર જુદા જુદા સ્થાનો પરની આબોહવા પરિવર્તનની અસર દર્શાવી હતી.

માઉન્ટ કિલિમંજારો, ગ્રીનલેન્ડ, ગ્રેટ બેરિયર રીફ, જર્મનીના જંગલોની બદલાતી જતી સ્થિતિ વિશે ગુગલ અર્થ દ્વારા છબીઓ મુકવામાં આવી હતી. ૧૯૮૬ થી ૨૦૨૦ સુધી તાંઝાનિયા, આફ્રિકામાં ગ્લેશિયર માઉન્ટ કિલીમંજારોના શિખર પર પીછેહઠ કરતા નજરે પડયા હતા. જયારે ગ્રીનલેન્ડમાં ૨૦૦૦ થી ૨૦૨૦ સુધીના ગ્લેશિયરની છબીઓ દર્શાવવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયામં લિઝાર્ડ આઈલેન્ડ પર કોરલ બ્લીચીંગની માર્ચ થી મે ૨૦૧૬ દરમિયાન દર મહિને લેવામાં આવેલી છબીઓ દર્શાવી હતી તથા જર્મીના જંગલોમાં વધતું તાપમાન અને ગંભીર દુષ્કાળને કારણે થયેલી સ્થિતિ ૧૯૯૫ થી ૨૦૨૦ સુધી દર વર્ષે ડિસેમ્બરમાં લેવામાં આવેલી છબીઓ દર્શાવી હતી. આમ, દર વર્ષે વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે ગુગલ ઉપર અલગ અલગ પ્રકારના ડુડલ દર્શાવવામાં આવે છે. પૃથ્વી ઉપર કલાઈમેટ ચેન્જની અસર ઘણી બધી વર્તાઈ રહી છે જેની તસવીરો ગુગલ અર્થના માધ્યમથી દરેક નાગરિક સુધી પહોંચે ને જોઈ શકે તથા કલાઈમેટ ચેન્જની અનુભુતિ કરી શકે તે માટે આ પ્રકારનું ડુડલ મુકવામાં આવ્યું હતું.

## સરસ્વતી ઈન્સ્ટિટયૂટ દ્વારા ઈન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન



ગાંધીનગર, તા.૨૨

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસના બી.ફાર્મ ના બીજા વર્ષ ના વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા તા. ૨૧/૦૪/૨૦૨૨ તથા ૨૨/૦૪/૨૦૨૨ ના રોજ એમ્નીલ ફાર્માસ્યુટિકલ લી. તથા એક્યુપ્રેક રિસર્ચ લેબ ખાતે મુલાકાત યોજાઇ હતી. કુલ ૬૦ જેટલા વિદ્યાર્થી તથા ૬ પ્રોફેસરે આ મુલાકાતમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને બંને કંપનીના સ્ટાફ દ્વારા દરેક વસ્તુની ઝીણવટ પૂરકની માહિતી આપવામાં આવી હતી. ફાર્મા કંપનીના વિવિધ ડિપાર્ટમેન્ટ જેવા કે વેર-હાઉસ, એફ એન્ડ ડી., એ.ડી.એલ, પેકેઝિંગ, મેન્યુફેક્ચરિંગ(સોલીડ ઓરલ) અને ક્વોલિટી કંટ્રોલ વગેરે વિશેની માહિતી વિદ્યાર્થીઓએ મેળવી હતી.

## મહાનગર ભાજપાના પૂર્વ સૈનિક સેલ ટીમના નવા સભ્યો નિમાયા

ગાંધીનગર, તા.૨૨

પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મહાનગર ભાજપા પ્રમુખ રૂચિર ભટ્ટ દ્વારા મહાનગરના પૂર્વ સૈનિક સેલ ટીમની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં વિજયપ્રતાપ તિવારી સંયોજક અને અશોકકુમાર કુશવાહ સહસંયોજક ઉપરાંત સુરેન્દ્ર પ્રસાદ, શિવપાન્ડેય, વી.પી.સિંગ, કે.કે. શર્મા, બી. સિંહ, બલદેવભાઈ ખારી, હરીશ દરંગાની સભ્ય તરીકે પસંદગી કરવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. સોની ચંદ્રીકાબેન ગોવિંદકુમાર,** ઉ.વ. ૬૫, સેકટર-૨૬
- **સ્વ. ખાંટ વિનાબેન વેચાતજી,** ઉ.વ. ૬૮, બોરીજ નવાપરા
- **સ્વ. ઠાકોર બાલચંદજી રવાજી,** ઉ.વ. ૬૨, મણીનગર (સોજા)
- **સ્વ. પટણી દિલીપકુમાર નગીનદાસ,** ઉ.વ. ૬૯, પેથાપુર
- **સ્વ. જાદવ ધુળીબેન ખોડાજી,** ઉ.વ. ૭૨, ફિરોજપુર